# પાલનપુરમાં છેતરપિંડી આચરનાર મહિલા ૨ દિવસના પોલીસ રિમાન્ડ પર

## મહિલાના પુત્ર અને સાગરીતની જામીન અરજી ના-મંજૂર

પાલનપુરમા બચતના નામે રોકાણકારો ને રાતા પાણીએ નવડાવી લાખો રૂપિયાની છેતરપિંડી આચરી ગરીબો ના પૈસા ઓહિયા કરી જનાર મહિલા ને આજે કોર્ટમાં રજૂ કરાઈ હતી. જ્યાં કોર્ટે તેણીના ૨ દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા હોવાના અહેવાલ સાંપડ્યા છે. જયારે તેણીના પુત્ર અને સાગરીતની જામીન અરજી ના-મંજુર થઇ હતી.

પાલનપુરમા જરૂરિયાતમંદ ગરીબોને હથેળીમાં ચાંદ બતાવી બચતના નામે રુ.૧૩.૬૮ કરોડનું ફુલેકું ફેરવનાર સપના માળી નામની મહિલાની ગત રોજ પોલીસે ધરપકડ કરતા ચકચાર મચી ગઈ હતી.

ગરીબ અને જરૂરિયાતમંદ ૩૦૦થી વધુ લોકો પાસેથી રીકેરીંગ અને બચતના નામે કરોડો નું ફુલેકુ ફેરવનાર સપના માળી અને તેના સાગરીતોને આજે કોર્ટમાં રજુ કરાયા હતા. જ્યાં છેતરપિંડી આચરનાર સપના માળીના ૨ દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા હતા. જયારે સપના માળીના પુત્ર ઋષભ રાજેશભાઈ પરમાર (માળી) અને સાગરીત દીપકભાઈ મહેન્દ્રભાઈ પરમાર (માળી)એ કોર્ટમાં જામીન અરજી રજુ કરી હતી. જે જામીન અરજી કોર્ટે ના-મંજૂર કરતા તેઓને જયુડિશિયલ કસ્ટડીમાં મોકલાયા હોવાના અહેવાલ સાંપડ્યા છે. જોકે, જે રોકાણકારોના નાણાં સલવાયા છે તે મહિલાઓ સહિતના રોકાણકારો પણ કોર્ટમાં દોડી આવતા ઉત્તેજનાસભર બની ગયું હતું.



# ધનસુરા પંથકમાં ગરમીનો પ્રકોપ, પાણીનો પ્રશ્ન વિકટ બન્યો છે

ધનસુરા, તા. ૧૭

સમગ્ર અરવલ્લી જિલ્લામાં કાળઝાળ ગરમીનો પ્રકોપ વધતા પ્રજા ત્રાહીમામ પોકારી ગઈ છે. અત્યાર સુધીમાં સૌથી વધુ ૪૦ ડીગ્રી ધનસુરા પંથકમાં પહેલીવાર જોવા મળી છે. સવારથી જ ગરમીનો પારો વધતા રસ્તા સૂમસામ બની ગયા છે. બપોરે કરફ્યુ જેવુ વાતાવરણ જોવા મળે છે. ધનસુરા ગ્રામ પંચાયત વિસ્તારમાં જળસ્ત્રોત ઝડપથી નીચે ઉતરે તો મે જૂનમાં પીવાના પાણીનો પ્રશ્ન વિકટ બનવાના સંભવને જોતા ગ્રામ પંચાયત દ્વારા અછત સમિતિ સમક્ષ રજૂઆત કરતા નવા ચાર બોરની માગણી કરેલ છે. કેટલાક હેન્ડપંપ બિસ્માર બનતા નવા હેન્ડપંપ લગાડવા માગણી કરેલ છે. ગ્રામ પંચાયત વિસ્તારનું વિશાળ તળાવ ઝડપથી ખાલી થઈ જવા લાગ્યુ છે. ત્યારે પશુધન માટે પણ પાણીનો પ્રશ્ન વિકટ બનવાનો સંભવ છે.

# ધનસુરામાં અદ્યતન બસ સ્ટેશન બન્યુ

ધનસુરા, તા. ૧૭

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકા મથક ધનસુરા ખાતે લાખ્ખો રૂપિયાના ખર્ચે અદ્યતન બસસ્ટેશન બનાવેલ છે. આ બસસ્ટેશનેથી રોજની અસંખ્ય બસોની અવરજવર રહે છે. ત્યારે મુસાફરો માટે ચા-નાસ્તા માટે કોઈ વ્યવસ્થા નથી. જાણવા મળ્યા પ્રમાણે છેલ્લા ૧૦ વર્ષથી આ બસ સ્ટેશનની કેન્ટીનનું ટેન્ડર કોઈ ભરતુ નથી. ટેન્ડર ઊંચા હોવાથી દસ દસ વર્ષથી કેન્ટીન શરૂ થતી નથી. સરકારે આવા બસસ્ટેશને કેન્ટીનો શરૂ કરવા સત્વરે ટેન્ડરોમાં ફેરફાર કરી કોન્ટ્રાક્ટરોને લાભ થાય તેવી વ્યવસ્થા કરવાની જરૂર છે. લાખ્ખો રૂપિયા ખર્ચ કરી અદ્યતન બસસ્ટેશન સુવિધાયુક્ત બનાવ્યા પછી ઉદ્‌ઘાટન વગર શરૂ કરી દેવામાં આવ્યું છે.

# શિહોરી જીઈબીના નાયબ ઈજનેરની મનમાની સામે ખેડૂતોનો રોષ

કાંકરેજ, તા. ૧૭

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરી જીઈબીના નાયબ ઈજનેર સુતરીયા દ્વારા ખેડૂતોને કનડગત કરવામાં આવતી હોવાની બૂમરાણે છેલ્લા કેટલાય સમયથી ઉઠવા પામી છે. અને વ્હાલા-દવલાની નીતિ નાયબ ઈજનેર દ્વારા અપનાવાતી હોવાના ખેડૂતો આક્ષેપો કરી રહ્યા છે. ત્યારે કાંકરેજના ચેખલા ગામે ઠાકોર જવાનજી બાજુજી ગ્રા.નં. ૩૦૧૭/૩ને ડી.પી.નો કેબલ ૮ માસથી બળી ગયો છે. જેને કારણે થાંભલા નીચે વિજ કેબલ બળીને તુટી પડતા આગ પણ લાગી હતી. જેને પગલે શિહોરી જીઈબીમાં નવીન કેબલ માટે સાત મહિના પહેલા અરજી આપેલ હોવા છતાં કેબલ આપવામાં ઠાગાઠૈયા કરી રહ્યા છે. અત્યારે ખેડૂતોને ઉનાળુ સિઝનમાં કાળઝાળ ગરમીમાં ખેતરમાં ઉભેલા પાક સુકાવવાની પૂરેપૂરી શક્યતા છે. પરંતુ બોર માટે કેબલ ન આપતા ખેડૂતને ઉપર આભ અને નીચે ધરતી વચ્ચે જીઈબીનો આધાર છે. ત્યારે આવા ઓરમાયા વર્તનથી અને પોતે નાયબ ઈજનેર કહે તે જ ખરૂ તેવા નિર્ણયને લઈ ખેડૂતોમાં રોષ ભભુકી ઉઠ્યો છે. ત્યારે તંત્ર દ્વારા આવા તુંડ મિજાજી નાયબ ઈજનેરને શાન ઠેકાણે લવાય અને કાંકરેજમાં કેબલ વિના સુકાતા પાકોને માટે જવાબદાર કોણ ? તે બાબતે જીઈબીના ઉપરી અધિકારીઓ ઘટતુ કરે તેવી લોક લાગણી સાથે માંગણી ઉઠવા પામી છે.





## ખેડબ્રહ્મામાં પક્ષીઓ માટે પાણીના કુંડા અને માળાનું વિતરણ

ખેડબ્રહ્મા શહેરમાં પક્ષીઓને ગરમીમાં રાહત મળે તે સારૂ અને રાહદારીઓને પાણીની વ્યવસ્થા મળી રહે તેવા ઉમદા આશયથી ખેડબ્રહ્મા નગરપાલિકા તથા યુવા ખેડબ્રહ્મા ગ્રૃપ દ્વારા સોમવારે એસટી ડેપો પાસે રાહદારીઓ માટે ગ્લુકોઝ અને ઠંડા પાણીની પરબ શરૂ કરવામાં આવી હતી અને ૧૫૦૦ જેટલા પક્ષીના માળા અને પાણીના કુંડાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. આ વિતરણમાં યુવાના બ્રિજેશ બારોટ, જીજ્ઞેશ રાવલ, પ્રશાંત પટેલ, નગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેક્ટર નરેન્દ્રસિંહ, કારોબારી ચેરમેન પ્રવિણસિંહ સોલંકી ઉપસ્થિત રહ્યા હતા.

# હિંમતનગરના સવગઢમાં અઢી લાખની ખંડણી માંગતા મામલો ગરમાયો

ભિલોડા,તા.૧૭

હિંમતનગરના સવગઢમાં રૂા.૨,૫૦,૦૦૦/-ની ખંડણી માંગતા મામલો ગરમાયો હતો. હિંમતનગર રૂરલ પોલીસ સ્ટેશન આધારભુત પોલીસ સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ હિંમતનગરના સવગઢમાં એક વ્યક્તિને પકડીને ચાર વ્યક્તિઓએ ભેગા મળી કહ્યું કે તારે અહીં રહેવું હોય તો ઘરે આવીને રૂા.૨, ૫૦, ૦૦૦/- આપવા પડશે નહી આપે તો જાનથી મારી નાખીશ તેમ કહી ધાક ધમકી આપતાં ચાર વ્યક્તિઓ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ નોંધાઈ હતી.

સવગઢના મહેબુબ પાર્કના રહેવાસી અબ્દુલમઝીદ મેમણના ફાર્મહાઉસથી પાણપુર પાટીયા નજીક મિત્ર ઈકબાલ ઈબ્રાહિમભાઈ દિવાનના બાઈક ઉપર બેસીને આવ્યા હતા. હુસેન કાલુશા દિવાનનો ઈકબાલના મોબાઈલ ઉપર ફોન આવ્યો હતો ત્યારે ફોન કરનારએ પુછ્યું કે મઝીદ ક્યાં છે ત્યારે હુસેનએ કહ્યું કે તમે જ્યાં છો ત્યાં ઉભા રહેજો અમો આવીએ છીએ પરંતુ ત્યાં સ્થળ ઉપર કોઈ ના આવતા અબ્દુલમઝીદ મેમણ અને તેમના મિત્રો ઈકબાલ દિવાન,રફીક અબ્દુલકરીમ શેખ હિંમતનગર આર.ટી.ઓ.સર્કલ તરફ જવા માટે નીકળ્યા હતા.મઝીદની કાર માર્ગ ઉપર આડી મુકી દીધી હતી.સેન્ટ્રો કારમાંથી હુસેન કાલુશા દિવાન, રઈશ અહેમદ ગુલામનબીમામુ, પલક શર્મા, હુસેનનો ભાણીયો તીક્ષ્ણ હથીયારો લઈને આવ્યા હતા. હુસેન દિવાન અને રઈશ મામુએ મઝીદ મેમણ કહ્યું કે તારે અહીં રહેવું હોય તો રૂા.૨,૫૦,૦૦૦/-ખંડણી પેટે આપવા પડશે નહી આપે તો જાનથી મારી નાખવાની ધમકી ઉચ્ચારતાં જીલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરતાં ચાર ઈસમો વિરૂધ્ધ હિંમતનગર રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાતા પોલીસએ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# પ્રાંતિજ તાલુકા વીસીઈઓ દ્વારા પ્રાંતિજ તલોદના ધારાસભ્યને આવેદનપત્ર અપાયુ

## કાયમી ફિક્સ પગારના લાભો સહિતની માંગણીઓ સાથે આવેદનપત્ર આપ્યું

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકામાં વીસીઈઓ તરીકે કામગીરી કરતાં વીસીઈઓ દ્વારા તેમની વિવિધ માંગણીઓને લઈને પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાને આવેદનપત્ર આપ્યું હતુ.

પ્રાંતિજ તાલુકામાં આવેલ ગ્રામ પંચાયત કચેરીએ ઈ.ગ્રામ સેન્ટરોમાં વીસીઈ તરીકે છેલ્લાં દસ વર્ષથી ફરજ બજાવતા ૫૭ વીસીઈઓ દ્વારા હાલ તાલુકામાં કમીશન પર કામગીરી આપી રહ્યાં છે અને ગ્રામ્ય વિસ્તારોમાં ફરજ બજાવે છે જ્યારે હાલ ઓનલાઈન થતાં જે તે વ્યક્તિ ગમે તે જગ્યાએથી ઉતારા સહિત કઢાવી લે છે અને મહિનાનું ફિક્સ કામ કે પગાર જેવું હોતું નથી જેથી મહિનાનું ૨૦૦ થી ૩૦૦ રૂપિયા સુધીનું કામ થાય છે જેથી સરકાર દ્વારા ફિકસ પગાર તથા કાયમીનો લાભ તથા ઈ-ગ્રામ સેન્ટરમાં પડતી મુશ્કેલીઓ સહિતની વિવિધ માંગણીઓ સહિત સરકાર દ્વારા યોગ્ય પગલાં ભરવામાં આવે તેવી માંગણી સાથે તાલુકાના તમામે તમામ વીસીઈઓ દ્વારા પ્રાંતિજ-તલોદના કોંગ્રેસના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાને વિવિધ માંગણીઓને લઈને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.





અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિની યંગ બ્લડ અસોસિએશન (વાય.બી.એ)ની ટીમ દ્વારા ૧૪ એપ્રિલના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૬મી જન્મ જયંતિની ઉજવણી વાય.બી.એ દ્વારા સતત ૨૬માં વર્ષે ધામધૂમપૂર્વક ઉજવણી કૃષ્ણનગર, નિજાનંદ, અને ઋષિકેશ સોસાયટીના પટાંગણમાં કરવામાં આવી હતી. જેમાં ત્રણેય સોસાયટીના ભૂલકાઓ દ્વારા વકૃત્વ સ્પર્ધા અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા હતા. યંગ બ્લડ એસોસિએશન દ્વારા ત્રણેય સોસાયટી ના રહીશોના અભ્યાસ કરતા બાળકોને ધોરણ-૮થી ધોરણ-૧૨માં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર મેળવનાર બાળકોને મોમેન્ટો આપી પ્રોત્સાહિત કરાયા હતા.

# ગઢી માતાના મંદિરે સેવા આપતા મહંતનું નિધન

ધનસુરા, તા. ૧૭

ધનસુરાના પ્રસિદ્ધ યાત્રાધામ ગઢી માતાના મંદિરમાં મહંત તરીકે સેવા આપતા મહંત શત્રુક્ષદાસજી ટીંટોઈવાળાનું લાંબી માંદગી બાદ અમદાવાદ ખાતે નિધન થયું છે. તેમના પાર્થીવદેહને ધનસુરા રામજી મંદિરમાં દર્શનાર્થે રાખવામાં આવેલ. આ પ્રસંગે સાધુ સંતો રાજકીય આગેવાનો અને અસંખ્ય રામ ભક્તોએ ઉપસ્થિત રહી અંતિમ દર્શન કર્યા હતા.

# ધનસુરા ગોકુલનાથજી મંદિરમાં મહાપ્રભુજીનો પ્રાગટ્ય મહોત્સવ ઉજવાશે

ધનસુરા, તા. ૧૭

ધનસુરામાં આવેલ પુષ્ટિ માર્ગીય ગોકુલનાથજી મંદિરમાં ૧૫મીથી મહાપ્રભુજી શ્રી વલ્લભાચાર્યનો પ્રાગટ્ય મહોત્સવ ઉજવાશે. રોજ સાંજે વધઈની સેવા આપતા વૈષ્ણવો દ્વારા મહાપ્રભુજીના કિર્તનની રમઝટ જામશે. સાત દિવસ ઉત્સવ ઉજવાશે. અગિયારસના પવિત્ર દિવસે મહાપ્રભુજી વલ્લભદાસજીનો પ્રાગટ્ય મહોત્સવ શ્રદ્ધા ભક્તિથી ઉજવાશે. સૌ મહાજનો સમૂહમાં આ પ્રસંગે પ્રસાદનો લાભ લેશે.

# મહારાષ્ટ્રથી સાઈકલ લઈને બેટી બચાવો બેટી પઢાવોના સંકલ્પ સાથે ૬૨ વર્ષીય વૃદ્ધ મેઘરજમાં



મેઘરજ, તા. ૧૭

મહારાષ્ટ્રના ધારણી ગામ, તા. અમરાવતીના ૬૨ વર્ષીય ખેડૂત ૧લી એપ્રિલ મહારાષ્ટ્રથી સાઈકલ લઈ બેટી બચાવો બેટી પઢાવોના સંકલ્પ સાથે ૧૦૦૦ કિ.મી.ના યાત્રાએ નિકળ્યા હતા. જેઓ અમદાવાદ તેમની દીકરીને ત્યાં આવી તેમના વેવાઈને પણ સાથે લઈ ગુરૂવારે રાત્રે મેઘરજ આવી પહોંચ્યા હતા.

મહારાષ્ટ્રના લલિતભાઈ જોશી જેઓ ખેડૂત છે તેઓ મહારાષ્ટ્રથી ૧૦૦૦ કિ.મી.ની સાઈકલ યાત્રા લઈ અમદાવાદ તેમની દિકરીને ત્યાં આવી પહેંચ્યા હતા. જેમનો મુખ્ય સંકલ્પ બેટી બચાવો બેટી પઢાવો છે અને અમદાવાદ ખાતે તેમના વેવાઈ પ્રભાશંકર પુરોહિતને પણ સાથે લઈ દહેગામ મોડાસા થઈને ગુરૂવારે રાત્રે મેઘરજ આવી પહોંચ્યા હતા. મેઘરજ રાત્રી રોકાણ કરી સવારે રાજસ્થાન જવા રવાના થયા હતા. આ યાત્રામાં લલિતભાઈ જોશીએ મહારાષ્ટ્ર ધારણીથી મેઘરજ સુધી ૮૦૦ કિ.મી.ની યાત્રા સાઈકલ ઉપર પૂર્ણ કરી હતી. વધુમાં લલિતભાઈએ જણાવ્યું હતું કે આ સાઈકલ યાત્રા મહારાષ્ટ્રથી ગુજરાત થઈ રાજસ્થાન એમ ત્રણ રાજ્યોમાં રસ્તામાં આવતા ગામોમાં મુલાકાત લઈ બેટી બચાવો બેટી પઢાવો, વૃક્ષ વાવોના ઉપદેશ સાથે નીકળ્યા હતા.

# પાલનપુર ખાતે રાજ્યની પ્રથમ મહિલા ડે નાઈટ ઈન્ટર ડીસ્ટ્રીક્ટ ફૂટબોલ ટૂર્નામેન્ટ

પાલનપુર, તા. ૧૭

ભાઈઓનું ડે-નાઈટ ક્રિકેટ મેચનું આયોજન અવારનવાર થતું હોય છે પરતું એક નવો ચીલો આદરતા ગુજરાતની શાંતિ અને સલામતીનું પ્રતિક કરાવવા સદભાવના ગ્રુપ દ્વારા બહેનોની ડે-નાઈટ ઈન્ટર ડીસ્ટ્રીક ફૂટબોલ ટુર્નામેન્ટનું આંતરરાષ્ટ્રીય ફીફાના નિયમોને આધીન રહી બનાસકાંઠા જીલ્લા પોલીસ અને ડીસ્ટ્રીક ફૂટબોલ એસોસીએશનના સહયોગથી સદભાવના ફૂટબોલ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે.

તા ૧૪-૧૫-૧૬ એપ્રિલના રોજ પાલનપુર પોલીસ પરેડ ગ્રાઉન્ડ મુકામે સાંજે ૪ થી ૧૧ આ ટુર્નામેન્ટની મેચો યોજવામાં આવશે. આ ટૂર્નામેન્ટમાં અમદાવાદ, બરોડા, સુરત, ભાવનગર, પાટણ, ગાંધીનગર, બનાસકાંઠા અને પાટણ જીલ્લાની બહેનોની ટીમોએ ભાગ લીધેલ છે. આંતરરાષ્ટ્રીય ફીફાના નિયમોને આધીન રહી આ ટૂર્નામેન્ટ યોજાતી હોઈ જે પણ જીલ્લાની ટીમ ભાગ લેવા ઈચ્છે એ જીલ્લાની એક જ ટીમ ભાગ લઈ શકે છે અને એનું પણ સિલેકશન જીલ્લાના ફૂટબોલ એસોસીએશનના કોચ અને મેનેજર દ્વારા કરવામાં આવે છે. ભાગ લેનાર ટીમોમાંથી દરેક સારા ફૂટબોલ રમતા બહેનોની એક ગુજરાતની ટીમ બનશે અને એ ટીમ પંજાબના ફગવાડા મુકામે નેશનલ ટૂર્નામેન્ટ રમવા જશે.



# મોડાસાના બે તાલુકાના બુથ લેવલ સુધીના ૫૫થી વધુ ગામોમાં પ્રવાસ પૂરો કર્યો

મોડાસા તા.૧૭

અરવલ્લી જિલ્લામાં ત્રણ વિધાનસભા ક્ષેત્રો મોડાસા, બાયડ અને ભિલોડાના ગામોમાં આજકાલ જિલ્લા પંચાયત બેઠક દીઠ કાર્યકર્તાઓની ઉપસ્થિતિમાં જિલ્લા સંગઠન દ્વારા સમીક્ષા બેઠકો યોજાઈ રહી છે.

મોડાસા તાલુકામાં પણ પાંચ બેઠકો છે જેમાં ગઈકાલથી શરૂ થયેલી બેઠકોમાં કઉ અને લીંભોઈ અને આજે સવારે મેઢાસણ જિ. પ. બેઠક વડેશ્વર ખાતે, સાંજના ટીટોઈ જિ. પં. ની બેઠક દધાલીયા હાઈસ્કૂલમાં અને તે પાચગી સાયરા જિ. પં. બેઠક જે તે વિસ્તારમાં યોજાતા મહામંત્રી શામળભાઈ પટેલે બેઠકોમાં દરેક બુથની સમીક્ષા કરીને કાર્યકર્તાઓને માર્ગદર્શન આપ્યું હતું.

પ્રદેશ ભાજપથી મોડાસા વિધાનસભા ક્ષેત્રમાં નિયુકત વિસ્તારક ભોગીલાલ પટેલે આ તમામ જિ.પં. બેઠકોમાં ઉપસ્થિત રહી કાર્યકરોને માર્ગદર્શન આપ્યું હતું. વિસ્તારકે અત્યાર સુધીમાં બન્ને તાલુકાના ૫૫ થી વધુ ગામોનો બુથ લેવલ સુધીનો પ્રવાસ પૂરો કર્યો હતો.

તમામ જિલ્લા બેઠકોમાં પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમાર, તાલુકા પ્રમુખ હસમુખભાઈ પટેલ, જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ પ્રભુદાસ પટેલ, બક્ષીમોરચા પ્રમુખ ભીખુસિંહ પરમાર, બંને તાલુકા મહામંત્રીઓ અંકિત પટેલ અને જયેશ રબારી, જે તે વિસ્તારના પદાધિકારીઓ સંગઠનના કાર્યકર્તાઓ, સરપંચો, જિલ્લા તાલુકા સદસ્યો અને બુથ પ્રમુખો ઉપસ્થિત રહ્યા હતા. આ તમામને આગામી ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણી માટે સજજ થવા સંગઠન દ્વારા હાકલ કરવામાં આવી હતી.

